


અધૂરું સત્ય અસત્યો કરતાં પણ વધારે ઘાતક હોય છે. અસત્ય-અસત્ય હોય છે જે દેખાઈ જાય છે. અધૂરું સત્ય સત્ય જેવું દેખાય છે પરંતુ સત્ય હોતું નથી કારણ કે સત્ય ક્યારેય અધૂરું નથી હોતું, ક્યાં તો તે હોય છે, ક્યાં તો તે નથી હોતું અને ઘણાં અધૂરાં સત્યો મનુષ્યને બતાવવામાં આવ્યાં છે એટલે મનુષ્ય અસત્યથી મુકત નથી થઈ શકતો, અસત્યથી મુકત થઈ જવું ઘણું સરળ છે. અધૂરાં સત્યથી મુકત થવું મુશ્કેલીભર્યું છે કારણ કે તે સત્ય હોવાનો ભ્રમ આપે છે અને તે સત્ય હોતું પણ નથી.

ભારતની સમસ્યાઓ અને ભારતની પ્રતિભાના સંબંધમાં વિચારતી વખતે એસ્કેપીઝમ, પલાયનવાદ ભારતની પ્રતિભા માટે આત્મઘાત સિધ્ધ થયું છે. આજે હું કહેવા માંગું છું પરંપરાવાદ અને ટ્રેડીશનલીઝમે ભારતની પ્રતિભાને વિકસિત નથી થવા દીધી, સમસ્યા રોજ બદલાય જાય છે પરંતુ આપણાં સમાધાન બદલાતાં નથી, આપણાં સમાધાન શાશ્વત છે અને સમસ્યાઓ ક્ષણે-ક્ષણે બદલાય છે, એનાથી સમસ્યાને કોઈ નુકસાન નથી થતું પરંતુ સમાધાનને પકડીને જે બેઠા છે એ પરાજીત થાય છે, હારી જાય છે અને જીવનનો સામનો નથી કરી શકતા, બદલાયેલી સમસ્યા નવા સમાધાન ઈચ્છે છે.

પરંતુ પરંપરાવાદીની દૃષ્ટિ એવી હોય છે કે જે સમાધાન પરંપરામાંથી આવેલ હોય તે જ સત્ય છે. જે પૌરાણિક છે તે જ સત્ય છે. નવી શોધ કરવી એ પાપ છે, પૌરાણિકને માનવું પુણ્ય છે અને ધર્મ છે. જે સમાજ પૌરાણિકને જ માન્યતા આપે છે એને જ ધર્મ સમજી લે છે અને નવાથી ભયભીત થઈ જાય છે જેથી તે સમાજની પ્રતિભા અવરૂધ્ધ થઈ જાય તો આશ્ચર્ય નથી કારણ કે પ્રતિભા નવી શોધથી વિકસિત થાય છે, જેટલું આપણે જૂનાને પકડી લઈએ છીએ એટલી જ બુધ્ધિના વિકાસની જરૂરિયાત સમાપ્ત થઈ જાય છે, નવી સમસ્યાઓ એક અવસર બને છે કારણ કે આપણે નવા પડકારોને સ્વીકારીએ છીએ અને નવા ઉપાયો શોધીએ છીએ જેનાથી આપણે વિકસિત થઈએ છીએ.

### ઓશો વાણી

સમસ્યાનું એટલું મૂલ્ય નથી અને સમાધાનનું પણ એટલું મૂલ્ય નથી પરંતુ સમસ્યા સમાધાનને શોધવા માટે પડકાર આપે છે.

અંતિમ મૂલ્ય ચેતનાના વિકાસનું છે પરંતુ જે લોકો જૂના સમાધાનને વળગીને રહે છે તેમની ચેતના પડકારને ખોઈ બેસે છે અને તે વિકસિત નથી થઈ શકતા. કોઈ પણ જૂની પરિસ્થિતિની પુનરુકતિ નથી થતી. જે લોકો કહે છે કે 'હિસ્ટ્રી રીપીટ ઈટ સેલ્ફ' તે તદ્દન જુઠ્ઠું કહે છે. જગતમાં કંઈ પણ પુનરુકત નથી. ઈતિહાસમાં કોઈ પણ દિવસ પુનરુક્તિ થતી નથી અને થઈ પણ નથી શકતી. તે એક અનંત જાળ છે અને પુનરુક્તિ થવું અસંભવ છે. જે હતું તે ફરીથી નથી થઈ શકતું. તદ્દન એવું નથી થતું, જે હતું અને જો આપણને એવું દેખાય કે

> જીવનમાં જૂનું ક્યાંય પણ નથી. જીવન તો પ્રતિપળ નવું છે પરંતુ આપણું મન જૂનું છે. જૂનું મન અને નવા જીવનમાં તાલમેલ નથી બેસતો અને ત્યારે તકલીફ ઉત્પન્ન થાય છે અને ચિંતા ઉત્પન્ન થાય છે

એવું જ છે, તો તે આપણી જોવાની નાસમજી છે. તે સાબિતી છે કે આપણી દ્રષ્ટિ ઊંડાણમાં નથી જોઈ શકતી. તે જોવાનો સૂક્ષ્મ વિકાસ થઈ શકયો નથી એટલે આપણને એવું જ દેખાય છે. જેમ ચોવીસ કલાકમાં ગંગાનું ઘણું પાણી વહી ગયું તેમ તમારી ચેતનાનું પણ ઘણું જળ વહી ગયું, તમે તેવા નથી અને અગર જો તમે તેવા જ છો તો તે વાત ઘણી દુ:ખદ છે. કારણ કે તો પછી તમે એક મૃત મનુષ્યની જેમ છો. ફકત એક મૃત નથી બદલાતો જીવન તો બદલાયા જ કરે છે. તમે એ નહીં હોય શકો જે કાલે હતા અને આ એક કલાક પછી તમે આ પરિસ્થિતિમાંથી નીકળશો તો તમે એ નહીં હશો, જે આ પરિસ્થિતિમાં તમે પ્રવેશ કરતા સમયે હતા. તમે એ જ કેવી રીતે હોય શકો? કલાકમાં કેટલું બધું બદલાય જશે, કલાકમાં ચિત્ત કેટલી નવી વાતો વિચારશે, કેટલું જૂનું વિસરાય જશે અને કેટલું નવું પ્રવેશી જશે.

જીવનમાં જૂનું કયાંય પણ નથી. જીવન તો પ્રતિપલ નવું છે પરંતુ આપણું મન જૂનું છે. જૂનું મન અને નવા જીવનમાં તાલમેલ નથી બેસતો અને ત્યારે તકલીફ ઉત્પન્ન થાય છે અને ચિંતા ઉત્પન્ન થાય છે.

(ઓશો : 'નયે ભારત કી ખોજ' પુસ્તકમાંથી, સૌજન્ય : ઓશો ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, પૂણે.

# દેવ-દેવીઓની પ્રતિમા વગરનું સ્વર્વેદ મહામંદિર

### સંસ્કૃતિ દર્શન
સનત દવે

મંદિરો આપણી આસ્થાનાં પ્રતીકો છે. મંદિરમાં પ્રવેશી બે હાથ જોડી માથું નમાવીએ છીએ એ ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા છે. ખરેખર તો મંદિરમાં પ્રવેશ સાથે જ આપણને વિશેષ અનુભૂતિ થતી હોય છે. તેનાં કારણોમાં એક તો એ છે કે વિશિષ્ટ શૈલીથી નિર્માણ પામેલ મંદિરનું સ્ટ્રકચર છે. ભારતમાં વિવિધ શૈલીના વિવિધ સનાતની પંથોના હજારો નહીં લાખો મંદિર હશે જે લોકો માટે ઈશ્વરીય સામીપ્ય સાધવાના સેતુરૂપનું કાર્ય કરે છે. મંદિરો અને ઘાટોની નગરી કહેવાતી ધર્મનગરી કાશી જે બનારસ અને વારાણસી તરીકે પણ ઓળખાય છે ત્યાં અધધધ ૨૩૦૦૦થી વધુ નાનાં-મોટાં મંદિરો છે જેમાં પણ મહત્ત્વતા ધરાવતાં હોય તેવાં મંદિરોની સંખ્યા પણ ૨૨૦૦ જેટલી થાય છે.

કાશીનાં આ મંદિરોના દર્શન કરવા હોય તો રોજના ૩૦ મંદિરે દર્શન કરો તો પણ અહીં બે વર્ષથી વધુનું રોકાણ કરવું પડે. અહીં જેના થકી કાશી વધુ વિખ્યાત છે એવું બાર જ્યોતિર્લિંગમાંનું એક બાબા કાશી વિશ્વનાથ જ્યોતિર્લિંગનું મંદિર છે. ઉપરાંત ખળખળ વહેતી ગંગાના ૬.૪ કિં.મીના તટ પર ૮૮થી વધુ ઘાટ છે. જેમાં પણ મણિકર્ણિકા ઘાટ, દશાશ્વમેઘ ઘાટ, અસ્સીઘાટ, પંચગંગા ઘાટ, આદિ કેશવ ઘાટ જેવા કેટલાંક અધિક મહત્ત્વતા ધરાવતા ઘાટ વધુ જાણીતા છે. આ પવિત્ર પાવન નગરીમાં ઘણા બધા સાધુ-સંતોના આશ્રમો પણ છે. સંસ્કૃત અને ધર્મનું જ્ઞાન આપતાં ગુરુકુળો અને અધિકૃત મહાવિદ્યાલયો પણ છે.

વારાણસી સ્થિત ભગવાનની પ્રતિમા વગરના એક વિશાળ મંદિરની આજે વાત કરવી છે. ૨૦૨૩ના ડિસેમ્બરની ૧૮મી તારીખે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાપર્ણ થયેલ સ્વર્વેદ મહામંદિર ધામ સાત માળનું ખરા અર્થમાં મહામંદિર છે. વારાણસીના અમરાહા ખાતે આવેલ આ યોગમંદિર ૬૪ હજાર વર્ગફૂટમાં નિર્માણ પામ્યું છે. યોગમંદિર એટલા માટે કે સદગુરુ સદાફલદેવજી મહારાજને સમર્પિત અને તેનાં સ્વપ્નોને સ્વરૂપ આપી બનેલ આ મંદિર યોગ




સાધના માટે છે. મંદિર કહેવાતું હોવા છતાં અહીં એક પણ દેવી-દેવતાઓની પ્રતિમા નથી. માત્ર ગ્રાઉન્ડ ફ્લોર પર સદગુરુ સદાફલદેવજીની ૧૦૦ ફૂટ ઊંચી સેંડ-સ્ટોનમાંથી બનેલી પ્રતિમા સ્થાપિત કરાઈ છે. અંદાજીત એક હજાર કરોડના ખર્ચે નિર્માણ પામેલ મંદિરને તૈયાર થતાં ૧૯ વર્ષ જેટલો સમય લાગ્યો હતો. ૬૦૦ જેટલા કુશળ કારીગરો, ૨૦૦ મજૂરો અને ૧૫ એન્જિનિયરોએ વાસ્તુશાસ્ત્ર આધારિત ૧૯ વર્ષની મહેનતે ખૂબ જ અદભુત અને વિશાળ સ્થાપત્ય આપ્યું છે.

સાત માળ ઊંચા આ મંદિરની ઉપર ઘુમ્મટ રૂપે ૧૨૫ પાંખડીવાળું વિશાળકાય કમળ પુષ્પ બનાવાયું છે. મંદિરનું આખું સ્ટ્રકચર ગુજરાતી GRC ટેકિનકથી બનેલું છે. મતલબ કે ઉચ્ચ શક્તિશાળી ક્ષાર-પ્રતિરોધક ગ્લાસ ફાઈબર, સિમેન્ટ અને બારીક રેતીના મિશ્રણથી બનેલું આ મંદિરનું સ્ટ્રકચર ક્રોંક્રિટની તુલનામાં લાઈટ વેઈટ મિશ્રણથી બનેલું હોય છે. આ ટેકિનકથી જટિલ આકૃતિઓ, પતલી પેનલો અને આર્કિટેકચરલ એલીમેન્ટસ બનાવવા બહુ સરળ હોય છે. છતાંયે અધિક મજબૂત, ટકાઉ અને ગમે તેવી વિપરીત મોસમના પ્રતિરોધક સાબિત થાય છે. અને એટલે જ આધુનિક વાસ્તુકલાની એ ખૂબ લોકપ્રિય ટેકિનક છે.

સ્વર્વેદ મહામંદિર દેશનું સૌથી મોટું મેડીટેશન સેન્ટર હશે કારણ કે સાત માળના આ ભવ્ય યોગમંદિરમાં ૨૦,૦૦૦ થી વધુ લોકો એક સાથે બેસીને મેડીટેશન કરી શકે છે.

સદગુરુ સદાફલદેવજી મહારાજના યોગજીવનથી પ્રેરાઈ વિહંગમ યોગ સંત સમાજ દ્વારા નિર્મિત આ યોગમંદિરની ઈ.સ. ૨૦૦૪માં આચાર્ય સ્વતંત્ર દેવ અને સંત પ્રવર વિજ્ઞાનદેવજી દ્વારા પાયાની પહેલી ઈંટ મુકાઈ હતી. આ ભવ્ય યોગભવન તૈયાર થતાં તેમાં દેવી-દેવતાઓની એક પણ પ્રતિમાં નથી પણ અહીંની દીવાલો પર વેદ, ઉપનિષદ, રામાયણ, ગીતા અને મહાભારતનાં પ્રેરણાદાયી ચિત્રો અંકિત કરાયાં છે.

કોણ હતા આ પ્રેરણાદાયી સંત સદગુરુ સદાફલદેવજી મહારાજ? ઈ.સ. ૧૮૮૮ એટલે કે વિક્રમ સંવત ૧૯૪૫ના ભાદ્રપદની સુદ ચોથના દિવસે એક યોગી ક્ષત્રિય પરિવારમાં આ સંતનો જન્મ થયો હતો. ઉત્તરપ્રદેશના બલિયા જિલ્લાના પકડી ગામમાં જન્મેલા સદગુરુ બાળપણથી એટલા તેજસ્વી હતા કે તેના માતા-પિતા ખુદ તેને એક ઈશ્વરીય અવતાર સમજી પ્રણામ કરતાં. ઈશ્વર પ્રત્યે અનહદ શ્રદ્ધા ધરાવતા સદગુરુ બાળપણમાં ગમે ત્યાં ધ્યાન લગાવી બેસી જતાં તેથી ગામલોકો તેને સમજી ન શક્યા અને તેને મજાક બનાવી દેતા પણ માતા-પિતાએ તેની દિવ્યશક્તિ પર શ્રદ્ધા રાખી ૧૧ વર્ષની ઉંમરે કાશી સંસ્કૃત ભણવા મોકલ્યા પણ ક્ષત્રિય હોવાથી કોઈ પંડિતો તેને શીખવવા તૈયાર ના થયા ત્યારે જાતે જ યોગ-ધ્યાન શીખવા લાગ્યા. એક સમયે કોઈ જ્ઞાની સંતનો સંગાથ મળતા તેમણે વિહંગમ યોગનું જ્ઞાન આપ્યું. અને પછી તો ૧૭ વર્ષ સુધી હિમાલય સહિત વિવિધ સ્થળે, ગુફાઓમાં યોગ-ધ્યાન કરતા રહ્યાં. જાતે સંસ્કૃત શીખીને વેદ-પુરાણોનો અભ્યાસ કર્યો અને યોગલક્ષી




તત્ત્વોને તારવીને ઘણું લેખન પણ કર્યું. સ્વર્વેદ નામના એક મહાગ્રંથમાં તેણે વેદ-પુરાણઓનો સાર આપ્યો છે.

'સ્વર્વેદ' પુસ્તકના નામ પરથી જ વિહંગમ યોગ સંત સમાજે અહીં બનેલા ભવ્ય યોગમંદિરનું નામ 'સ્વર્વેદ મહામંદિર ધામ' રાખ્યું છે. ૧૯૫૪માં સદગુરુ સદાફલદેવજી મહારાજનો દેહાંત થતા તેમના અનુયાયીઓએ વિહંગમ યોગ સંત સમાજની સ્થાપના કરી. તેમની સ્મૃતિમાં તેમની પ્રેરણાથી વિહંગમ યોગનું લોકોને જ્ઞાન આપતા. સદગુરુ સદાફલદેવજીનો રાષ્ટ્રપ્રેમ પણ ખૂબ હતો. તેથી તેના પ્રવચનોમાં સ્વતંત્રતાની વાતો પણ રહેતી. એક વખત દાનાપુર ખાતે ફૌજીઓની સેનામાં પણ દેશભક્તિ અને સ્વતંત્રતાની વાતો કરતાં અંગ્રેજોએ તેમને પકડીને કોર્ટકેસ ચલાવતા બે વર્ષની સજા પણ થઈ હતી. એ રીતે સ્વતંત્ર સેનાની તરીકે પણ લોકો અહોભાવથી સમ્માન આપતા. ૧૯૪૭માં દેશ સ્વતંત્ર થયો ત્યારે તેમણે સ્વતંત્ર સમાજને યોગવિદ્યાથી શારીરિક અને માનસિક રીતે તંદુરસ્ત બનાવવાનો નિર્ણય કરેલો. વિહંગમ યોગ સાધનાનું જ્ઞાન સૌને આપતાં. આજે તેઓ સદેહે નથી પણ તેમની સંસ્થા દ્વારા લાખો લોકો યોગસાધના કરી રહ્યાં છે.

> સાત માળ ઊંચા આ મંદિરની ઉપર ઘુમ્મટ રૂપે ૧૨૫ પાંખડીવાળું વિશાળકાય કમળ પુષ્પ બનાવાયું છે. મંદિરનું આખું સ્ટ્રકચર ગુજરાતી GRC ટેકિનકથી બનેલું છે. મતલબ કે ઉચ્ચ શક્તિશાળી ક્ષાર-પ્રતિરોધક ગ્લાસ ફાઇબર, સિમેન્ટ અને બારીક રેતીના મિશ્રણથી બનેલું આ મંદિરનું સ્ટ્રકચર ક્રોંક્રિટની તુલનામાં લાઇટ વેઇટ મિશ્રણથી બનેલું હોય છે.




જીવંતિકા માતાના મંદિર આખા ગુજરાતમાં માંડ બે કે ત્રણ છે. મોરબીના કલ્યાણજી દવે (દયા કલ્યાણ)એ સ્કંધ પુરાણમાંથી જીવંતિકા માતાનું વ્રત અને કથાનું સંશોધન કરીને લોકકલ્યાણાર્થે પ્રચારમાં મૂક્યું.

કુંવારકાઓ મનવાંછિત પતિ માટે તેમ જ સૌભાગ્યવતી સ્ત્રીઓ પરિવારના મંગલ માટે, અખંડ સૌભાગ્ય તેમ જ બાળકોના રક્ષણ માટે જીવંતિકા માતાનું વ્રત કરતા હોય છે. સુરતમાં 25 વર્ષ પહેલાં આંજણા ભાઠેના વિસ્તારની શિવશક્તિ સોસાયટીના પ્રાંગણમાં (કિન્નરી સિનેમાની સામે 80 ફૂટના રોડના નાકે, તારા વિદ્યાલયની સામે) જીવંતિકા માતાના ભવ્ય મંદિરની સ્થાપના થઈ હતી. જેનો આ બુધવારે તા.29-04-2026ના રોજ 25મો સાલગીરી મહોત્સવ ઉજવાશે. અહીં મંદિરમાં શ્રી જીવંતિકા માતાની મોહક પ્રતિમા ઉપરાંત જીવંતેશ્વર મહાદેવ અને શ્રીરામ પરિવારની પ્રતિમાઓ પણ પ્રસ્થાપિત છે. સાલગીરી મહોત્સવ દરમ્યાન સવારે 6 વાગે સ્નાન અભિષેકથી પ્રારંભ થનાર કાર્યક્રમોમાં આરતી, પાઠ, નવચંડી મહાયજ્ઞ, વસ્ત્ર શૃંગાર ઉપરાંત સાંજે 7-30 કલાકે મહાપ્રસાદ (ભંડારા)નું પણ આયોજન થયું છે. ધર્મલાભ ઈચ્છતાં શ્રધ્ધાળુઓને મંદિર ટ્રસ્ટ તરફથી દર્શન અને મહાપ્રસાદનો લાભ લેવા નિમંત્રણ પાઠવાયું છે.

> સાલગીરી મહોત્સવ દરમ્યાન સવારે 6 વાગે સ્નાન અભિષેકથી પ્રારંભ થનાર કાર્યક્રમોમાં આરતી, પાઠ, નવચંડી મહાયજ્ઞ, વસ્ત્ર શૃંગાર ઉપરાંત સાંજે 7-30 કલાકે મહાપ્રસાદ (ભંડારા)નું પણ આયોજન થયું છે

|| કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ || લેખાંક-૬૧

# પ્રેમનું સ્વરૂપ એટલે શ્રીકૃષ્ણ

### અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

એક દિવસ ઘરની તમામ દાસીઓ બીજા કામકાજોમાં જોતરાઈ જતાં માતા યશોદાજી સવારે વહેલા ઊઠી, સ્નાન કરી, રેશમી વસ્ત્રો પહેરીને પોતાના હાથ વડે જ રવઈ (વલોણું) ખેંચીને દહીં વલોવવા માંડ્યા અને પુત્રનાં બાળચરિત્રોનાં વર્ણનોનાં ગીત ગોઠવીને ગાવા માંડ્યાં.

આજે યશોદાજીએ જાતે દહીં વલોવીને લાલા માટે માખણ તૈયાર કરવાનું અને તેમને ખવડાવવાનું નક્કી કર્યું હતું કે જેથી ગોપીઓ તેને માખણચોર નહિ કહે. શ્રમના કારણે મોટા નિતંબ પરથી સરકી જતા રેશમી પટ્ટવસ્ત્રની વારંવાર સંભાળ કરતા, મુખ પર તેમ જ શરીર પર વારંવાર આવતા પરસેવાથી વ્યાકુળ થતા અને ચોટલામાંથી ખરી રહેલાં પુષ્પોની સુગંધથી વાતાવરણને સુગંધમય કરી મૂકતા યશોદાજી જયારે દહીં વલોવતાં હતાં ત્યારે લાલજી આરામથી ઊંઘી રહ્યા હતા. આગળ વધતા પહેલાં અહી એક નોંધ લઈએ કે શ્રીમદ ભાગવતમાં રેશમના વિવિધ પ્રકારનો ઉલ્લેખ છે. જેમાં કેળ વગેરેથી બનતા 'દુકૂલ', વિશિષ્ટ પ્રકારના ઘાસથી બનતા 'ક્ષૌમ' અને કીટ-કોશેટામાંથી વસ્ત્ર 'કૌશેય' કહેવાય છે. અહીં યશોદાજીએ 'ક્ષૌમ' પ્રકારનું એટલેકે વિશિષ્ટ પ્રકારના ઘાસમાંથી બનતું રેશમી પટ્ટવસ્ત્ર પહેર્યું છે તેવો ઉલ્લેખ છે.

મૈયાના પ્રેમભર્યાં હાલરડાંના અવાજથી લાલજી જાગી ગયા. લાલજીને ભૂખ લાગી હતી આથી સ્તનપાનની ઈચ્છાથી માતા પાસે આવી રવઈ પકડીને તેમને અટકાવ્યાં. યશોદાજી પુત્રના સ્નેહને કારણે તરત રવઈ છોડી બાળકૃષ્ણને ખોળામાં લઈ સ્તનપાન કરાવવા માંડ્યાં અને સાથે જ બાળકૃષ્ણના મંદ હાસ્યવાળા મુખને જોઈ રાજી થયાં અને સંતોષ પણ પામ્યાં પરંતુ એટલામાં જ ગરમ કરવા મૂકેલું દૂધ ઉભરાઈ જતાં બાળકૃષ્ણને અડધાપડધા ધવડાવીને, અતૃપ્ત રાખીને ઝડપથી ગોદમાંથી ધરતી પર મૂકી દઈ તરત ઊભા થઈ રસોડામાં દોડ્યાં. ત્યારથી જ એક કહેવત પડી છે કે 'ગામડાની સ્ત્રીઓને પૂત કરતાં દૂધ વધારે વહાલું છે'.

માતા યશોદા પોતાને પૂર્ણ રીતે તૃપ્ત કર્યા વગર ચાલ્યા જવાથી ભલા બાળકૃષ્ણથી કેવી રીતે સહન થાય? બાળકૃષ્ણે આંખોમાં ખોટાં ખોટાં આંસુ લાવી, ફરકવા લાગેલા લાલ હોઠોને દાંતો વડે કરડીને, ગુસ્સાથી એક પથ્થર હાથમાં લીધો અને ઉપર લટકાવેલી દહીંની મટકી ફોડી નાખી. એમાં જે માખણ હતું તે હાથમાં લઈ ઘરની બહાર એકાંત સ્થળમાં ખાંડળીયા પર બેસીને ખાવા માંડ્યા, એટલું જ નહિ વાનરોને પણ ખવડાવવા માંડ્યા. શ્રીકૃષ્ણ અતિ સરળ છે. થોડા માખણ-મિસરીથી તેમને આનંદ થાય છે. રીજી જાય છે પરંતુ તેઓ જેવા ભોળા છે તેવા કપટ કરવામાં પણ બહુ હોંશિયાર છે. યશોદાજી ઉભરાતા દૂધને ઉતારી પાછા આવ્યાં અને ત્યાં દહીંની મટકી ફૂટેલી જોઈ, દહીં જમીન પર ફેલાયેલું હતું પરંતુ બાળકૃષ્ણ ત્યાં નહોતા. આથી 'નક્કી આ કૃષ્ણનું જ કામ છે, તે બહુ જ ચતુર છે. મટકી ફૂટવાથી માતા મારા પર ગુસ્સે થશે અને દંડ આપશે એવા ભયથી અહીંથી ભાગી ગયો છે' એમ જાણીને હસવા માંડ્યાં.



> કહેવાય છે કે ભગવાન જલ્દીથી કોઈના થતા નથી. ભગવાન કોઈ સાથે લૌકિક સંબંધ બાંધતા નથી. ભગવાન માત્ર 'પ્રેમનો સંબંધ' જ માને છે અને 'ભગવાન શ્રીકૃષ્ણ તો પ્રેમનું જ સ્વરૂપ છે'

યશોદાજી હાથમાં લાકડી લઈ છુપાતા છુપાતા કૃષ્ણને શોધવા ઘરની બહાર ગયાં. ત્યાં નીકળીને જોયું તો લાલજી આરામથી ખાંડળીયા પર બેસી માખણ ખાતા હતા અને વાનરોને પણ ખવડાવતા હતા. ચોરીને કારણે બાળકૃષ્ણના નેત્રો ચકળવકળ થઈ રહ્યા હતા. પહેલા ચોરી અને હવે સીનાજોરી? બાળકૃષ્ણને જોઈ તેમને પકડવા માટે યશોદાજી ધીરે ધીરે તેમની પાછળ આવ્યાં પરંતુ ચપળ બાળકૃષ્ણ ચેતી ગયા અને ખાંડળીયા પરથી ઝડપથી નીચે ઊતરી તરત ત્યાંથી ભાગવા માંડ્યા. યશોદાજી પણ તેમને પકડવા માટે પાછળ પાછળ દોડવા માંડ્યા.

યોગાભ્યાસ વડે પ્રેરણા પામતા યોગીઓના સંકલ્પો અને ભક્તોના અંત:કરણો પણ જેમને પકડી શકતા નથી, એવા સચ્ચિદાનંદ શ્રીકૃષ્ણની પાછળ દોડતા પ્રેમાળ માતા યશોદા થાકી ગયાં અને હાંફવા માંડયાં. અંતે તેઓ પોતાના પ્રયત્નોથી નહિ પરંતુ શ્રીકૃષ્ણની ઈચ્છાથી તેમની નજીક પહોંચ્યા અને તેમને પકડી લીધા. તેમને પકડ્યા એટલે અપરાધમાં આવેલા, બહુ જ રડતા, બાળકૃષ્ણ મોઢા પર ચારે બાજુ આંખમાં આંજેલી મેશના ડાઘા પડે તે રીતે પોતાની આંખો ચોળવા માંડ્યા. ભયથી વિહવળ દેખાતા બાળકૃષ્ણનો હાથ પકડી, લાકડી ઉગામીને યશોદાજી તેમને ધમકાવવા માંડ્યા અને લાકડી વડે ફટકારવાનો ડોળ કરવા માંડ્યાં. પરંતુ સાથે જ નાના, લાડલા પુત્ર સ્નેહના કારણે એવું વિચારવા માંડ્યા કે 'ખૂબ ડરાવવાથી મારા લાલાને કંઈ થઈ તો નહિ જાય ને?' આથી વધુ ડરાવવું તેમને યોગ્ય જણાયું નહિ. આ કારણે તેમણે લાકડી છોડી દીધી અને સૂતરની દોરી લઈ તેમને ખાંડળીયા સાથે બાંધવાનો પ્રયત્ન કરવા માંડ્યા.

જેઓ અખંડ અને અનંત છે, જેમની અંદર, બહાર, આગળ, પાછળ કંઈ નથી પરંતુ જેઓ પોતે જ જગતની અંદર, બહાર, આગળ, પાછળ વ્યાપીને રહેલા છે, અર્થાત 'સર્વ જગતની કલ્પનાના અધિષ્ઠાપિત સ્વરૂપ છે'.

તેમને પ્રાકૃત બાળક સમજીને માતા યશોદા બાંધવા તો માંડ્યાં પરંતુ આ તો પરમાત્મા હતા. તે કંઈ દોરીથી બંધાય? છતાં પણ નાટકીય લીલાના ભાગરૂપે ભયભીત થઈ ગયા હોય તેવું વર્તન કરવા માંડ્યા. કહેવાય છે કે ભગવાન જલ્દીથી કોઈના થતા નથી. ભગવાન કોઈ સાથે લૌકિક સંબંધ બાંધતા નથી. ભગવાન માત્ર 'પ્રેમનો સંબંધ' જ માને છે અને 'ભગવાન શ્રીકૃષ્ણ તો પ્રેમનું જ સ્વરૂપ છે'. આ જ સ્વરૂપનું વર્ણન તમામ લીલાઓમાં પણ ઉભરી આવે છે અને તેનું વર્ણન આ દરેક લીલાઓ દ્વારા આપણે સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ.

(ક્રમશ:)